
# પ્રથમ ડિફેન્સ ઉપગ્રહ જીસેટ-૭ લોન્ચ

નવી દિલ્હી,તા. ૩૦

ભારતના પ્રથમ ડિફેન્સ સેટેલાઈટ જીસેટ-૭ને લોન્ચ કરવામાં સફળતા હાથ લાગી ગઈ છે. આની સાથે ભારતે આંતરિક્ષ ક્ષેત્રમાં વધુ એક સફળતા મેળવી લીધી છે. એક વિશેષ પ્રકારના સેટેલાઈટને લોંચ કરવામાં સફળતા હાથ લાગી છે. આ ઉપગ્રહ સંપૂર્ણપણે લશ્કરને સમર્પિત છે. જીએસએટી-૭ સેટેલાઈટને લોંચ કરવામાં કુલ ૧૮૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ફ્રેન્ચ ગુઆનામાં કૌરુ સ્પેસ સ્પોટથી એરિયન સ્પેસના એરિયન-૫ રોકેટથી આને લોન્ચ કરવામાં આવતા દેશની દરિયાઈ સુરક્ષા અનેકગણી વધી જશે. ભારતીય નૌકાસૈના આ મલ્ટીબેન્ડ સ્વદેશી નિર્મિત દુરસંચાર ઉપગ્રહનો ઉપયોગ સપ્ટેમ્બરના અંતથી કરી શકશે. લોન્ચ પહેલા વૈજ્ઞાનિકોમાં ભારે ઉત્સુકતા હતી. ૩૪ મિનિટની ભારે ઉત્સુકતા બાદ તેની યોગ્ય પરિભ્રમણ કક્ષામાં ગોઠવાઈ જતાં તમામ પ્રકારની ચિંતાઓ વૈજ્ઞાનિકોની દૂર થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા દિવસથી આની તૈયારી ચાલી રહી હતી.

ઈસરોનું કહેવું છે કે ૧૪મી સપ્ટેમ્બર સુધી જીસેટ-૭ તેની નિર્ધારિત પરિભ્રમણ કક્ષામાં ગોઠવાઈ જશે. જીસેટ-૭ના ફ્રિક્વન્સી બેન્ડ



મારફતે દૂર સંચારમાં મદદ મળશે. સુરક્ષાની દૃષ્ટિએ તે ખૂબ મહત્વપૂર્ણ છે. અતિ આધુનિક આ ઉપગ્રહમાં યુએચએફ, એસ સી, કેયુબેન્ડની સુવિધા છે. જીસેટ-૭ અતિ આધુનિક દુરસંચાર ઉપગ્રહ છે જે હાઈ ડેટા ઉપલબ્ધ કરાવશે. આ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા બાદ ઈન્ક્રિપ્ટેડ સિસ્ટમના માધ્યમથી હિંદ મહાસાગરમાં ભારતીય નૌકાસૈનાને ટોપ સિક્રેટ જાણવામાં મદદ મળશે. હવે ભારતીય નૌકાસૈનાના યુદ્ધ જહાજો દુશ્મન જહાજો અને સબમરીનના યોગ્ય સ્થળ જાણી શકશે. સાથે સાથે ડેટાની આપલે કરવામાં પણ સક્ષમ બનશે. આ પ્રક્રિયામાં શસ્ત્રાગારમાં દરેક જહાજના સાનુકૂળ દળો અને દુશ્મનની શક્તિની સ્થિતિ અંગે પણ વ્યાપક ડિઝિટલ નક્શા રહેશે. જીસેટ-૭નું નિર્માણ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા કરવામાં આવ્યું છે. આજે વહેલી પરોઢે દક્ષિણ અમેરિકામાં કૌરુથી લોન્ચ કરવામાં આવ્યા બાદ ઈસરોના વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. વહેલી પરોઢે બે વાગે આને લોન્ચ કરવામાં આવતા મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. આમા ફ્રાન્સ નિર્મિત એરિયન રોકેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અલબત્ત આ ઉપગ્રહનું નિર્માણ દેશમાં જ કરવામાં આવ્યું છે પરંતુ ઈસરોએ પોતાના ભારે રોકેટના બદલે લોન્ચ કરવા માટે એક યુરોપીયન રોકેટને ભાડા ઉપર લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જીએસએલવીના દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ ઈસરોના વૈજ્ઞાનિકો કોઈપણ જોખમ લેવાના મૂડમાં ન હતા. તાજેતરમાં જ ફ્યુઅલ લિકેજના કારણે ખૂબ નુકસાનની સ્થિતિ સર્જાઈ હતી. આ સમગ્ર મિશનને સફળ બનાવવા માટે ૬૫૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમા ભાડે લેવામાં આવેલા રોકેટ અને ઈન્સ્યુરન્સ ખર્ચ પણ સામેલ છે. ૨.૫ ટનના વજન ધરાવના આ ઉપગ્રહ પાંચ પુખ્તવયના હાથીનું વજન ધરાવે છે.

આ ઉપગ્રહ લોન્ચ કરવાની સાથે જ ભારત, અમેરિકા, રશિયા, ફ્રાન્સ અને ચીન જેવા દેશોની ક્લબમાં સામેલ થઈ ગયું છે. આ તમામ દેશો પાસે લશ્કરી કોમ્યુનિકેશન સેટેલાઈટ છે. ઈસરોને આ અંગે સફળતા હાથ લાગ્યા બાદ વૈજ્ઞાનિક સમુદાયમાં પણ ખુશી જોવા મળી રહી છે.

## કોલકાતા શહેરમાં બોમ્બ બ્લાસ્ટથી દહેશત ફેલાઈ

કોલકાતા,તા. ૩૦

મધ્ય કોલકાતામાં ચાંદનીચોક વિસ્તારમાં આજે બોક્સ બોમ્બ બ્લાસ્ટ થયો હતો જેના કારણે ભરચક રહેતા બજારમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી અને લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી જો કે આના લીધે કોઈ ખુવારી થઈ ન હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ હતુ કે ઉંડી તપાસ ચાલી રહી છે. મદન સેરી અને સેન્ટ્રલ એવેન્યુ નજીક પડેલા બોક્સમાં એકાએક બ્લાસ્ટ થયો હતો. આ ખૂબજ વ્યસ્ત વિસ્તાર છે. લોકો મોટી સંખ્યામાં આસપાસ હતા. બ્લાસ્ટ થયા બાદ તરતજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઉંડી તપાસ હાથ ધરી હતી. સિટી પોલીસ અને બોમ્બ તથા સ્નિફર ડોગની ટુકડી પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અન્ય કોઈ જગ્યાએ બોમ્બ છે કે તેમ તેને લઈને તપાસ હાથ ધરવામાં આવી હતી. બનાવ બાદ ઉંડી તપાસ હજુ પણ ચાલુ રહી છે. પ્રાથમિક તપાસ દર્શાવે છે કે આ બનાવ ગંભીર ન હતો. ટૂંકા ગાળામાં જ સમગ્ર વિસ્તારમાં જનજીવન સમાન્ય બની ગયુ હતુ જો કે ભરચક વિસ્તારમાં બોક્સ બોંબ બ્લાસ્ટને લઈને લોકોમાં દહેશત રહી હતી. પોલીસ અન્ય વિસ્તારોમાં પણ તકેદારીરૂપે ચકાસણી વધારી હતી. લોકોની પુછપરછ પણ હાથ ધરી હતી.

## દુર્ગા શક્તિ નાગપાલને ફરીથી નોકરીમાં લેવાશે

લખનૌ,તા. ૩૦

દુર્ગા નાગપાસને સસ્પેન્ડ કરવામાં આવ્યાના એક મહિના બાદ ઉત્તર પ્રદેશ સરકાર હવે આઈએએસ ઓફિસરને ફરી નોકરી પર લેવાના મૂડમાં દેખાઈ રહી છે પરંતુ ઉત્તર પ્રદેશ સરકાર પણ આ મામલામાં ઉતાવળતી આગળ વધવા માગતા નથી. ઉત્તર પ્રદેશ સરકાર દુર્ગા શક્તિ નાગપાલને નોકરીમાં લેવા ઈચ્છુક છે પરંતુ તે આ વાત દર્શાવવા માગે છે કે તેને કોઈ ઉતાવળ નથી. મુખ્યમંત્રી અખિલેશ યાદવે ગઈકાલે જ આ કેસમાં તપાસ અધિકારી તરીકે પ્રિન્સીપાલ સેક્રેટરી (હોમ) આર એમ શ્રીવાસ્તવની નિમણૂંક કરી હતી. કેસ વધુ તીવ્ર બનાવવામાં આવનાર છે. દુર્ગા શક્તિને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ ૪થી ઓગસ્ટના દિવસે સરકારે નાગપાલને ચાર્જશીટ આપી હતી. ગૌતમબુદ્ધ નગરમાં કાદલપુર ગામમાં એક મસ્જિદની દિવાલ તોડી પાડવાનો દુર્ગા શક્તિ ઉપર આક્ષેપ કરાયો હતો. ઉત્તર પ્રદેશ સરકારના નિર્ણય બાદ લોકોમાં નારાજગીનું મોજું ફળી વળ્યું હતું.

શ્રીવાસ્તવ હવે કાદલપુર ગામમાં જશે અને ધ્વંસ દરમિયાન શું થયું તેમાં તપાસ કરશે. દુર્ગા શક્તિ નાગપાલના મામલે વડાપ્રધાને પણ તેમની રજૂઆત કરી હતી.

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

તે જમાનામાં એક જાણીતા મુસ્લિમ વેપારી શેખ ફરજન અલીની દુકાન રોસ ટાપુની જેટીની બાજુમાં જ હતી. તેના નામ ઉપરથી અત્યારે પોર્ટ બ્લેરમાં ઘંટાઘર પાસે ફરજન અલી માર્કેટ છે. દાઉદ ઝાનશાહ, ગુરૂમૂર્તિ, અલ્પા સ્વામી તેમજ બીજા ઘણા વેપારીઓની દુકાનો હતી. તેમાં માનીક્કમ નામે એક દરજી બહુ પ્રખ્યાત હતો. તે ઉપરાંત ઉત્તર પ્રદેશના એક પંડિતની મીઠાઈ ફરસાણની પણ દુકાન હતી. આ ટાપુ પર કલબ હોવાથી ઘણાં અંગ્રેજ અધિકારીઓ અને જાણીતા હસ્તીઓ પોર્ટ બ્લેરથી અહીં મોજમજા કરવા આવતા. તેના કારણે કિસ્મત અને શોરાબ નામની ફેરી સર્વીસની બે બોટો ચાલતી. તે સમયે મોટર ટ્રાન્સપોર્ટ ની વ્યવસ્થા ઉપ કમિશ્નરને હસ્તક હતી. ફક્ત મુખ્ય કમિશ્નર જ કારનો ઉપયોગ કરી શકતો. તે સમયે ડૉ. જે.પી. વોકર પ્રથમ સુપ્રિટેન્ડેટ હતો તે પછી છેલ્લે મેજર જનરલ સ્ટુઅર્ટ ચીફ કમિશ્નર બનેલ. અહીં આ સમયે એક નાનકડું શહેર વિકસી રહ્યું હતું. કર્નલ માના રીપોર્ટના આધારે આ ટાપુ પર આદિવાસી અનાથ બાળકો માટે ૨૭મી મે ૧૮૬૯માં અનાથાશ્રમની સ્થાપના કરવામાં આવેલી. જેમાં સાત છોકરીઓ અને ચાર છોકરાઓને રખાયા હતા. આંદામાન હોમને પોતાના હસ્તક લેવા માટે ચર્ચ મિશન દ્વારા સરકાર પર ઘણું દબાણ થયેલું પરંતુ સરકારે હોમની વ્યવસ્થા આદિવાસીના હાથમાં જ રહે તે યોગ્ય છે તેમ ઠરાવેલું. તેમાં આદિવાસી બાળકોનું ખુબ ધ્યાન રાખવામાં આવતું હતું. સભ્ય માનવ જીવન શૈલી અને શિક્ષણ પર ખાસ ભાર મુકાતો હતો. આ અનાથાશ્રમની ચાર છોકરીઓનાં લગ્ન કરાવવામાં આવેલા તેમાં મયરા નામની છોકરીનાં લગ્ન કયદ દ્વીપના આદિવાસીઓનાં મુખી બરાર બોઈ સાથે કરાવાયા હતા.

અમારી આ વાતો ચાલતી હતી ત્યાં ઉપેન્દ્રભાઈએ આવીને કહ્યું, ‘શક્તિ વાતોનાં વડાં જ કર્યા કરીશ કે બધાંને કંઇ જમાડવાની વ્યવસ્થા કરીશ.’

‘અહીં દરિયા વચ્ચે જમવાનું કયાંથી હોય. છતાં તમે કહો છો તો કંઈક કરીએ. કહેતા તેણે ઘડિયાળ સામે જોયું તેની કાંડા ઘડિયાળમાં દોઢ થવા આવ્યો હતો.’

‘શું શક્તિ લંચનું શું થયું?’ ઉપેન્દ્રભાઈએ ફરી અધિરાઈથી પૂછ્યું.

‘ચિંતા ના કરો પેક લંચની વ્યવસ્થા મેં કરેલી જ છે.’ કહેતાં તેણે તેના માણસોને સુચના આપવા માંડી એટલે થોડી જ વારમાં સીલ્વર ફોઈલમાં પેક લંચના બોક્સ લઈ માણસો બોટમાં સૌને આપવામાં લાગ્યા. ગરમાગરમ પુલાવની સુગંધથી ભૂખ ઉઘડવા લાગી. અમારી સાથે પ્રવાસમાં કેટલાક જૈન પ્રવાસીઓ પણ હતા. તેમના માટે જૈન વાનગીઓની વ્યવસ્થા જોઈ મેં ઉપેન્દ્રભાઈને રહ્યું, ‘કહેવું પડે હોં!’ તમે બધાનું ખુબ જ ધ્યાન રાખો છો.’

‘સ્વાદિષ્ટ પેક લંચની મજા સમુદ્રની વચ્ચે માણવાની જે અનુભવ છે તે અવર્ણનીય છે.’

હળવા મુડમાં સૌ હસતાં હસતાં મજેથી લંચ પુરૂં કર્યું. ૭૬ વર્ષનાં મનહરલાલ અને ચંદ્રાબેન, પિયુષભાઈ અને રેખાબેન દોશી તેમજ પ્રવિણભાઈ શાહ અને ભારતીબેને પણ જૈન ભોજનનો લુફ્ત ઉઠાવતાં ખુશી વ્યક્ત કરી. ભોજન બાદ જલપાનની સાથે સાથે અમારી જળયાત્રા જારી રહી.

(ક્રમશઃ)

## રૂપિયાને સ્થિર કરવાના તમામ પ્રયાસ થશે : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૩૦

આર્થિક મંદી અને ડોલર સામે રૂપિયાના સતત ધોવાણને લીધે વડાપ્રધાન મનમોહનસિંહે આજે લોકસભામાં નિવેદન કરતા શ્રેણીબદ્ધ મુદ્દા પર વાત કરી હતી. એક બાજુ તેઓએ સોનાની ઓછી ખરીદી કરવા અને પેટ્રોલનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવા લોકોને સલાહ આપી હતી. બીજી બાજુ વડાપ્રધાને એમ પણ કહ્યુ હતુ કે આવનાર દિવસોમાં વધુ મુશ્કેલ સુધારાઓ હાથ ધરવાની જરૂર રહેશે. સરળ સુધારાઓનો તબક્કો પૂરો થઈ ગયો છે. સબસિડીમાં ઘટાડા, પેન્શન અને વિમા સુધારા તથા જીએસટીના અમલીકરણ જેવા મુદ્દા પર આગળ વધવાની જરૂર છે. આ મુશ્કેલરૂપ સુધારાથી જટિલ સ્થિતિમાંથી બહાર નીકળી શકાશે. વડાપ્રધાને આ તમામ માટે રાજકીય સર્વસંમતિની માંગ કરી હતી. સંસદના બંને ગૃહોમાં વડાપ્રધાને તેમનું નિવેદન કર્યુ હતુ. એક બાજુ લોકસભામાં તેઓએ સોનાની ખરીદીને ઘટાડવા તથા પેટ્રોલના ઉપયોગમાં અંકુશ રાખવાની વાત કરી હતી. બીજી બાજુ રાજ્યસભામાં વિપક્ષ પર તેઓએ આકરા પ્રહાર કર્યા હતા. વડાપ્રધાને રાજ્યસભામાં વિપક્ષ પર પ્રહારો કરતા કહ્યુ હતુ કે માત્ર ભારતમાં જ આવું થાય છે જ્યાં વિપક્ષ સંસદમાં વડાપ્રધાનને ચોર કહે છે. તેમણે વિપક્ષને સંસદની કામગીરીમાં ખલેલ ન પહોંચાડવાની સલાહ આપી હતી. લોકસભામાં રૂપિયામાં ધોવાણના મુદ્દે વાત કર્યા બાદ વડાપ્રધાન રાજ્યસભામાં નિવેદન કરી રહ્યા હતા.

સંસદની કામગીરી ખોરવી નાંખવા અને ધાંધલ ધમાલના મુદ્દે વિપક્ષની ટીકા કરતા કહ્યુ હતુ કે કોઈ પણ દેશમાં વિરોધ પક્ષો આ પ્રકારે ધાંધલ ધમાલ કરતા નથી. વડાપ્રધાનને ચોર કરીને બોલાવતા નથી. બીજી બાજુ લોકસભામાં તેમના નિવેદનમાં સિંહે કહ્યુ હતુ કે ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડાની બાબત ચિંતાનજક છે. બહારના કારણ ઉપરાંત સ્થાનિક કારણો પણ જવાબદાર છે. વર્તમાન ખાતાકિય ખાદ્ય અથવા તો કરન્ટ એકાઉન્ટ



ડેફિસીટ વધી જવાના કારણે રૂપિયા પર દબાણ આવ્યુ છે. કરન્ટ એકાઉન્ટ ડેફિસીટને ઘટાડવાના પ્રયાસ કરાશે. નિકાસને વધારવા અને આયાતને વધારવાના પ્રયાસ કરાશે. સિંહે એમ પણ કહ્યુ હતુકે રૂપિયામાં જ નહીં બલકે દુનિયાના અન્ય દેશોના ચલણમાં પણ ઘટાડો થયો છે. બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના ચલણમાં પણ ઘટાડો રહ્યો છે. સિંહે ઉમેર્યુ હતુકે મેના છેલ્લા સપ્તાહથી અમેરિકી ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થયો છે. રૂપિયો ઘટવાથી અર્થતંત્રને અસર થઈ છે. દેશમાંથી મૂડી બહાર જવાના લીધે રૂપિયામાં ઘટાડો થયો છે. સરકાર કેપિટલ કન્ટ્રોલનો કોઈ ઈરાદો ધરાવતી નથી. આગામી થોડાક મહિનામાં પગલાની અસર દેખાશે. સ્થાનિક કારણોની વાત કરતા તેમણે કહ્યુ હતુ કે ક્રૂડ ઓઈલની કિમતમાં વધારો તથા સિરિયામાં સંકટ પણ કારણરૂપ છે. જો કે રોકાયેલા પ્રોજેક્ટ શરૂ થવાથી ફાયદો થશે. વર્તમાન ખાતામાં ખાદ્યને જીડીપીના ૪.૮ ટકા પર લાવવાના પ્રયાસ થશે. ગ્રોથ રેટમાં ઘટાડાના કારણે નુકસાન થયુ છે.તાજેતરના સમયની ઘણી બધી જરૂરિયાત રહેલી છે. જીએસટી સુધારા જરૂર છે. વડાપ્રધાનો રૂપિયામાં ઘટાડાના અનુસંધાનમાં કેપિટલ કન્ટ્રોલનો ઈન્કાર કર્યો હતો.

## આતંકવાદી યાસિન ભટકલ હવે ૧ ૨ દિવસની કસ્ટડીમાં

નવી દિલ્હી,તા. ૩૦

કુખ્યાત આતંકવાદી અને ઈન્ડિયન મુજાહિદ્દિનના સહ સ્થાપક યાસિન ભટકલ અને તેના સાગરિત અસાદુલ્લા અખ્તરને દિલ્હી કોર્ટ દ્વારા ૧ ૨ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આની સાથે જ હવે નવી વિગતો ખૂલવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ કહ્યુ હતુ કે આતંકવાદી હુમલાના ઘણા મોટા કાવતરાનો પર્દાફાશ કરવા તેની કસ્ટોડિયલ પુછપરછની જરૂર છે. એનઆઈએ દ્વારા રજુઆત કરવામાં



આવ્યા બાદ ભટકલ અને તેના સાગરિતને ૧ ૨ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. અગાઉ બંનેને સઘન સુરક્ષા વચ્ચે જિલ્લા જજ આઈએસ મહેતા સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. એનઆઈએ દ્વારા તેમના ૧ ૪ દિવસની કસ્ટડીની માંગ કરવામાં આવી હતી. આ કેસ સાથે સંબંધિત રિકવરી કરવા માટે આ રજુઆત કરવામાં આવી હતી. અન્ય ફરાર આરોપીઓની ધરપકડ કરવા માટે પણ પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૪૦થી વધુ આતંકવાદી કેસોમાં વોન્ટેડ અને પ્રતિબંધિત સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દિનના સહસ્થાપક ભટકલ પર ૩૫ લાખનું ઈનામ છે. તેની બુધવારે મોડી રાત્રે ભારત-નેપાળ સરહદથી ધરપકડ કરવામાં આવી હતી. ઉત્તર કર્ણાટકમાં ઉદુપી જિલ્લાના ભટકલ ગામના નિવાસી યાસિન અમાદવાદ, સૂરત, બેંગ્લોર, પૂણે, દિલ્હી અને હૈદરાબાદમાં આતંકવાદી હુમલા કરવામાં વોન્ટેડ છે. આજની કાર્યવાહી બંધ બારણે થઈ હતી. એડવોકેટ એમએસ ખાને બંને આરોપી તરફથી દલીલ કરી હતી. કહ્યુ હતુ કે તેમની સામે કોઈ પણ નક્કર પુરાવા નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આરોપી પૈકીનો એક મહોમ્મદ અહેમદ છે. યાસિન નથી. એનઆઈએની રજુઆતમાં જણાવવામાં આવ્યુ હતુ કે મહોમ્મદ અહેમદ સિદિબપ્પા અને યાસિન ભટકલ એ જ છે જેની સામે બિનજામીનપાત્ર વોરન્ટ જારી કરાયુ છે. એનઆઈએ દ્વારા આ બંનેની ધરપકડ કરવામાં આવી છે. જુદા જુદા સ્થળો પર આ આતંકવાદીઓ હુમલામાં સામેલ રહ્યા છે. એનઆઈએની રિમાન્ડની માંગનો ઉલ્લેખ કરીને ખાને કહ્યુ હતુ કે જુદા જુદા રાજ્યોની સંસ્થાઓ કેસમાં તપાસ પોતાનીરીતે કરી રહી છે. એનઆઈએ આ પૈકીની એક છે. તે નવી તપાસ સંસ્થા છે. એનઆઈએ દ્વારા એક જુદી રજુઆત પણ કરવામાં આવી હતી.

## સિરીયા પર હુમલાને લઈને અમેરિકા-બ્રિટન અનિર્ણાયક

કેરો,તા. ૩૦

અમેરિકા અને બ્રિટન સિરિયા ઉપર હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે તેવા અહેવાલ આવી રહ્યા છે પરંતુ અમેરિકા હાલ હુમલાને ટાળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સિરિયા હાલમાં આમને સામને આવી ગયા છે. સિરિયાના પ્રમુખ બસર અલ અસદનું કહેવું છે કે કોઈપણ લશ્કરી કાર્યવાહીમાં તેમના દેશની જીત થશે.

૨૧મી ઓગસ્ટના દિવસે દમાસ્કની નજીક થયેલા રાસાયણિક હુમલાને લઈને પશ્ચિમી તાકાતો સિરિયાની સામે લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી ચૂકી છે પરંતુ સંયુક્ત રાષ્ટ્રના તપાસ અહેવાલની રાહ જોવામાં આવી રહી છે. તપાસ અહેવાલ ન આવે ત્યાં સુધી અમેરિકાના કેટલાક મિત્ર દેશો હુમલાને લઈને અનિચ્છુક દેખાઈ રહી છે. બીજી બાજુ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાનું કહેવું છે કે સિરીયા ઉપર હુમલાને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી.

ઓબામાએ એક ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે રાસાયણિક હથિયારોના ઉપયોગની સામે આંતરરાષ્ટ્રીય ધારાધોરણો પાળવામાં આવે તે અતિ જરૂરી છે. સિરીયામાં નાગરિકોની સામે મોટાપાયે રાસાયણિક હથિયારોનો ઉપયોગ કરાઈ રહ્યો છે. બ્રિટનના વડાપ્રધાન ડેવીડ કેમરૂન પણ પોતાના વલણથી પીછે હટ કરી રહ્યા છે. સિરીયા ઉપર હુમલામાં વિલંબની સ્થિતિ દેખાઈ રહી છે. તેમનું કહેવું છે કે તેઓ સિરીયામાં લશ્કરી કાર્યવાહીમાં બ્રિટનની પ્રત્યક્ષ ભાગીદારીને લઈને સાંસદોની મંજૂરી લેતા પહેલા સંયુક્ત રાષ્ટ્રના નિરીક્ષકો તરફથી તૈયાર કરવામાં આવેલા અહેવાલની રાહ જોશે. બીજી બાજુ ઓબામા સિરીયા ઉપર હવે મર્યાદિત હુમલાની તૈયારીમાં છે. કારણ કે બ્રિટન હાલમાં તેની સાથે હુમલામાં જોડાવવા ઈચ્છુક દેખાઈ રહ્યું નથી. ઓબામા વહીવટી તંત્રમાં અધિકારીઓનું કહેવું છે કે બ્રિટને આ પ્રકારની કાર્યવાહીને ફગાવી દીધા બાદ કોંગ્રેસ તરફથી ઓબામા ઉપર દબાણ વધી રહ્યું છે.

## રાફેલ નડાલની બીજા રાઉન્ડની મેચ જીતીને ત્રીજા રાઉન્ડમાં કૂચ

ન્યૂયોર્ક,તા.૩૦

યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં પુરુષોના વર્ગમાં ટોચના ખેલાડીઓએ આગેકૂચ જારી રાખી છે. સ્પેનમાં રાફેલ નડાલે બીજા રાઉન્ડની મેચ જીતીને ત્રીજા રાઉન્ડમાં કૂચ કરી લીધી છે. પોતાના હરીફ ખેલાડી બ્રાઝિલના રોજેરીયો દત્રા સિલ્વા ઉપર ૬-૨, ૬-૧ અને ૬-૦થી જીત મેળવીને આગામી રાઉન્ડમાં કૂચ મેળવી લીધી છે. આ જીતની સાથે જ બીજો ક્રમાંકિત નડાલ હવે ક્વાર્ટર ફાઈનલમાં તેના નજીકના હરીફ રોજર ફેડરર સામે આમને સામને આવવાની નજીક પહોંચી રહ્યો છે. વર્ષ ૨૦૧૩માં નડાલ માત્ર ત્રણ જ



મેચ હાર્યો છે. જેની સામે તે ૫૫ મેચ જીત્યો છે. રોજર ફેડરર સામેની મેચમાં લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે. બીજી બાજુ રોજર ફેડરરે પણ પોતાની મેચ જીતીને આગામી રાઉન્ડમાં આગેકૂચ કરી લીધી હતી. આ વર્ષે નડાલનો હાર્ડકોટ ઉપર દેખાવ પણ ખૂબ શાનદાર રહ્યો છે. તે આ વર્ષે ૧૭ મેચો રમ્યો છે જે પૈકી તમામ મેચો તે જીતી શક્યો છે. આર્થર એસ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચ ૯૨ મિનિટ સુધી ચાલી હતી જેમાં તે સરળતાથી જીત મેળવીને આગામી રાઉન્ડમાં તે પહોંચી ગયો હતો. ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગયેલા અન્ય ખેલાડીઓમાં મહિલાઓના વર્ગમાં અજારેન્કા, વોઝનીયાકી, સેરેના વિલિયમ્સનો સમાવેશ થાય છે. નડાલ ખૂબ શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. વર્ષ ૨૦૧૦માં યુએસ ઓપન ચેમ્પિયન અને ૧ ૨ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલા નડાલ સામે હવે ક્રોએશિયાનો યુવાન ડોડી રહેશે. જે ૩૮મા ક્રમાંકિત ખેલાડી તરીકે રમી રહ્યો છે. નડાલે કહ્યું છે કે ક્રોએશિયાનો યુવાન ખૂબ મજબૂત હરીફ છે. તેની સામેની મેચ પડકારરૂપ રહેશે.

## દિલ્હી ગેંગ રેપમાં દલીલો વેળા વકીલ અસ્વસ્થ થયા

નવી દિલ્હી,તા. ૩૦

ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ૧૬મી ડિસેમ્બરના ગેંગ રેપ કેસના ટ્રાયલના ભાગરૂપે કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે આજે એકાએક ખલેલ ઉભી થઈ હતી કારણકે આ કેસમાં આરોપીઓ પૈકીના બે આરોપીઓના વકીલ કોર્ટ રૂમમાં જ એકાએક પડી ગયા હતા. આરોપી વિનયકુમાર અને અક્ષયસિંહ તરફથી ઉપસ્થિત થયેલા વકીલ એપીસિંહે ડિફેન્સ દલીલો જારી રાખી હતા ત્યારે એકાએક પડી ગયા હતા. કોર્ટ સંકુલમાં હોસ્પિટલમાંથી તરતજ તબીબોને બોલાવામાં આવ્યા હતા. તબીબો આવી પહોંચે તે પહેલા જ તેમને પ્રાથમિક સારવાર આપી હતી. તબીબોને પહોંચવામાં અડધો કલાકથી વધુ સમય લાગ્યો હતો. ત્યા સુધી કોર્ટના સ્ટાફના સભ્યો અને એપીસીના સાથીઓ તેમની તબીયતને કેટલાક અંશે સ્થિર કરવામાં સફળ થયા હતા. સિંહ ત્યારબાદ સ્વસ્થ દેખાયા હતા અને તેમના સાથીઓ સાથે વાતચીત કરતા પણ દેખાયા હતા. પ્રાથમિક સારવાર તેમને અપાઈ હતી. તબીબોએ પહોંચીને ચકાસણી કર્યા બાદ તેમને એમ્બ્યુલન્સમાં વ્હીલ ચેર પર લઈ જવામાં આવ્યા હતા. અગાઉ કાર્યવાહી દરમિયાન એડિશનલ સેશન્સ જજ યોગેશ ખન્નાએ સિંહની હાલત સારી નહીં હોવાની નોંધ લીધી હતી અને તેમની સીટ પર બેસી જવા વકીલને સલાહ આપી હતી. તેમની દલીલો કરી રહ્યા હતા ત્યારે જ તેમની તબીયત ખરાબ થઈ હતી. એડિશનલ સેશન્સ જજે રજુઆત કરી ત્યારે પણ સિંહે તેમની સીટ પર બેસી જઈને આરામ કરવાનો ઈન્કાર કર્યો હતો અને પોતાની દલીલો જારી રાખી હતી. તેમની સુગરની સપાટીને જાળવી રાખવા માટે ગ્લુકોઝ લેવાનો પણ ઈન્કાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી ગેંગ રેપ કેસમાં હાલ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કાર્યવાહી ચાલી રહીછે.

## સમાચાર ઝલક

- ♥ છોટા ઉદેપુરમાં સીવીલના ડોકટર પોસ્ટમોર્ટમ કરવાની લાંચ લેતા ઝડપાયા.
- ♥ અમદાવાદ સહિત ૬ મોટા એરપોર્ટનું ખાનગીકરણ કરવાની દિશામાં હિલચાલ.
- ♥ અમદાવાદ રેલવે સ્ટેશન પર સરકતી સીડી ટુંક સમયમાં ચાલુ થશે.
- ♥ સીરીયા સામે કાર્યવાહી કરવા વિશ્વમાં જુદા જુદા દેશોના વિવિધ મત મતાંતર.
- ♥ જમ્મુ-કાશ્મીરમાં પાંચ આતંકવાદીઓને ઠાર કરાયા.
- ♥ મુંબઈમાં સલમાનખાનના બંગલે ઘુસવા પ્રયત્ન કરતી યુવતી અને તેની માતાએ પોલીસ સાથે રકઝક કરી.
- ♥ ગંગા-યમુનાની પુરગ્રસ્ત પરિસ્થિતિ ૩૦ વર્ષ સુધી બની નથી તેવી ખરાબ સ્થિતિ.
- ♥ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બલ્ક ડીપોઝીટના વ્યાજમાં વધારો કર્યો.
- ♥ સેટેલાઈટ વિસ્તારમાં યુવાન જીપમાં સ્ટંટ કરતો ઝડપાયો.
- ♥ નર્મદાના પુરથી ખેતીને નુકશાન થતાં માંડવા ગામે ખેડૂતની આત્મહત્યા.
- ♥ આશારામ બાપુ સામે ગુજરાત હાઈકોર્ટનું કડક વલણ.
- ♥ કલકત્તામાં બોંબ ધડાકાથી જીવન અસ્તવ્યસ્ત બન્યું.
- ♥ લાલપુરના મેડીકલ ઓફીસરને સારવાર બાબતમાં સરપંચે માર માર્યો.
- ♥ સુરતમાં ૩ સંતાનોની હત્યા કરી પોતે આત્મહત્યા કરતો પિતા.
- ♥ લશ્કરી હેતુ માટે અવકાશમાં ઉપગ્રહ ગોઠવતું તંત્ર.